# <u>સુધારા જાહેરાત તથા</u> <u>અગત્યની સુચના (જાહેરાત ક્રમાંક:૧૪૩/૨૦૧૭૧૮)</u>

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વિવિધ ખાતાના વડાની કચેરીઓ હસ્તકના "કચેરી અધિક્ષક / કાર્યાલય અધિક્ષક / અધિક્ષક" વર્ગ-૩ સંવર્ગની જગાઓ સીધી ભરતીથી ભરવા મૂળ જાહેરાત ક્રમાંક: ૧૪૩/૨૦૧૭૧૮, તા. ૧૭/૧૦/૨૦૧૭ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી, જેમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવ તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૬-૦૨-૨૦૧૯ અને તા.૦૭-૦૨-૨૦૧૯ નો પરિપત્ર તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૭-૦૨-૨૦૧૯ ના ઠરાવની સૂચનાઓ ધ્યાને લઇને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવી શકે તે માટે તેમજ અગાઉ ઓન લાઇન અરજી કરેલ નથી તેવા તમામ કેટેગરીના ઉમેદવારો પણ ઉમેદવારી નોંધાવી શકે તે માટે ઓનલાઇન અરજીપત્રકોના રજીસ્ટ્રેશન માટે ઉકત જાહેરાત રીઓપન કરવામાં આવે છે તથા કેટેગરીવાઈઝ જગાઓની સંખ્યામાં સુધારો કરવામાં આવે છે.

**(વેબસાઇટ એડ્રેસ** : https://ojas.gujarat.gov.in **અને** https://gsssb.gujarat.gov.in **)**

---

**૧.** ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ગુજરાત સરકારના વિવિધ ખાતાના વડાની કચેરીઓ હસ્તકના "કચેરી અધિક્ષક / કાર્યાલય અધિક્ષક / અધિક્ષક" વર્ગ-૩ સંવર્ગની વિવિધ કેટેગરીવાઇઝ કુલ- ૧૭ (સત્તર) જગાઓ સીધી ભરતીથી ભરવા મૂળ જાહેરાત ક્રમાંક : ૧૪૩/૨૦૧૭૧૮, તા. ૧૭/૧૦/૨૦૧૭ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી, અને તે અન્વયે સ્પર્ધાત્મક પરીક્ષા યોજીને મેરીટના ધોરણે પસંદગીયાદી- પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી OJAS ની વેબસાઇટ ઉપર ઓન-લાઈન અરજીપત્રકો મંગાવવામાં આવેલ હતા.

૨. સરકારશ્રીના**;** (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવ નં. **EWS/ 122019/ 45903/ A ,** (૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૬-૦૨-૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક : પરચ / ૧૦૨૦૧૯/ ૨૮૬૭૧/ ગ-૨ , (૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૭-૦૨-૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક : પવસ / ૧૦૨૦૧૯/ ૨૨૧/ ગ-૪ તથા (૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૭-૦૨-૨૦૧૯નો ઠરાવ ક્રમાંક : પવસ / ૧૦૨૦૧૯/ ૨૨૩/ ગ-૪ થી આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections)ના નાગરીકો / વ્યક્તિઓ માટે સેવા / જગ્યાઓ પર નિમણૂંકોમાં ૧૦ % જગાઓ અનામત સંબંધેની જોગવાઇઓ - સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.

૩. ઉપરોકત પેરા-૨ ની વિગતે સરકારશ્રીની પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર ; ઉકત પેરા-૧ની વિગતેની મૂળ જાહેરાત ક્રમાંક : ૧૪૩/૨૦૧૭૧૮ રીઓપન કરીને ઉમેદવારો પાસેથી NIC ની OJAS વેબસાઇટ ઉપર ઓન-લાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે.

૪. સબબ, મૂળ જાહેરાતમાં જે ઉમેદવારોએ જનરલ (સામાન્ય) કેટેગરીમાં અરજી કરી છે અને જે ઉમેદવારોને આર્થિક રીતે નબળા વર્ગના અનામતનો લાભ મળવા પાત્ર નથી તેવા ઉમેદવારોએ ફરીથી

અરજી કરવાની રહેશે નહી. મૂળ જાહેરાતમાં જે ઉમેદવારોએ જનરલ કેટેગરીમાં અરજી કરેલ છે, પરંતુ હવે તેઓ આર્થિક રીતે નબળા વર્ગના અનામતનો લાભ લેવા માંગે છે તેઓએ **EWS** કેટેગરી માટે ફરીથી અરજી કરવાની રહેશે. મૂળ જાહેરાતમાં અરજી કરેલ ના હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો પણ અરજી કરી શકશે. આ ઉમેદવારોએ **https://ojas.gujarat.gov.in** વેબસાઈટ પર તા. ૦૧/૦૬/૨૦૧૯ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા. ૩૦/૦૬/૨૦૧૯ (સમય રાત્રીના ૨૩-૫૯ કલાક) દરમિયાન ઓનલાઈન અરજી કરવાની રહેશે.

૫. કચેરી અધિક્ષક / કાર્યાલય અધિક્ષક / અધિક્ષક વર્ગ-૩ સંવર્ગની ભરવાપાત્ર ખાલી જગાઓની ખાતાવાર/ કેટેગરીવાર વિગતો દર્શાવતું પત્રક નીચે મુજબ છે. :-

| ક્રમાંક | ખાતાના વડાની કચેરીનું નામ | કુલ જગા | બિન અનામત | | આર્થિક રીતે નબળા વર્ગો | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ. | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત જનજાતિ | | કુલ જગાઓ પૈકી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | માજી સૈનિક | શા. ખો. ખા. |
| 1 | નિયામકશ્રી, રાજય અગ્નિ નિવારણ સેવા, ગાંધીનગર | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 2 | કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોધ્યોગ, ગાંધીનગર | 10 | 5 | 1 | 1 | 0 | 2 | 0 | 0 | 0 | 1 | 0 | 1 | 0 |
| 3 | ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર | 6 | 4 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 4 | કામદાર વિમા યોજના | 5 | 3 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 5 | ખોરાક અને ઔષધ નિયમન | 5 | 3 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 6 | ભાષા નિયામક | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 7 | કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજની કચેરી | 5 | 3 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| | કુલ | **33** | **20** | **5** | **1** | **0** | **6** | **0** | **0** | **0** | **1** | **0** | **1** | **0** |

**નોંધ** : જાહેરાતમાં દર્શાવેલ જગાઓની સંખ્યામાં વધઘટ થવાની શક્યતા રહેશે.

૬. આર્થિક રીતે નબળા વર્ગોની વય મર્યાદામાં છૂટછાટ :

(૧) આર્થિક રીતે નબળા વર્ગ (EWS) ની કેટેગરીના પુરુષ ઉમેદવારને પાંચ (૦૫) વર્ષની છુટછાટ અને મહિલા ઉમેદવારને EWS કેટેગરી તરીકેના પાંચ (૦૫) વર્ષ અને મહિલા તરીકેના પાંચ વર્ષ મળી કુલ – ૧૦ (દસ) વર્ષની વય મર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર થશે. આર્થિક રીતે નબળા વર્ગ(EWS) ના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે આર્થિક રીતે નબળા વર્ગો

(EWS) માટે પાત્રતા પ્રમાણપત્ર તા. ૧૪/૦૧/૨૦૧૯ થી તા. ૩૦/૦૬/૨૦૧૯ સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ EWS કેટેગરીની અનામત જગાનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુક્તિ તેમજ અનામત જગા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

(૨) આર્થિક રીતે નબળા વર્ગ **(EWS)**ના ઉમેદવારોએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક :- ઈ.ડબલ્યુ.એસ./ ૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબ થી નિયત થયેલ Annexure - KH (Eligibility Certificate For Economically Weaker Sections) અંગ્રેજી નમુનામાં અથવા પરિશિષ્ટ-ગ (આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર) ગુજરાતી નમૂનામાં તારીખ : ૧૪/૦૧/૨૦૧૯ થી અરજી કરવાની છેલ્લી તારીખ : ૩૦/૦૬/૨૦૧૯ દરમિયાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે.

સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

૭. શૈક્ષણિક લાયકાત/વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ :

સામાન્ય વહિવટ વિભાગના તા. ૦૬/૦૨/૨૦૧૯ ના પરીપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૧૯/૨૮૬૭૧/ગ.૨ ની જોગવાઇ મુજબ; મૂળ જાહેરાત(જા.ક્ર. ૧૪૩/૨૦૧૭૧૮)માં અરજી કરેલ જનરલ કેટેગરીના જે ઉમેદવારો હવે આર્થિક રીતે નબળા વર્ગની કેટેગરીમા સમાવેશ થતો હોય તેવા ઉમેદવારોએ ફરીથી આર્થિક રીતે નબળા વર્ગની કેટેગરી અંતર્ગત અરજી કરવાની રહેશે. મૂળ જાહેરાત (જા.ક્ર. ૧૪૩/૨૦૧૭૧૮)માં જે ઉમેદવારોએ અરજી કરેલ છે અને જે ઉમેદવારોને આર્થિક રીતે નબળા વર્ગના અનામતનો લાભ મળવા પાત્ર નથી તેવા ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહી. મૂળ જાહેરાત (જા.ક્ર. ૧૪૩/૨૦૧૭૧૮)માં અરજી કરેલ ના હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો પણ અરજી કરી શકશે. વયમર્યાદા - ઉમર માટે મૂળ જાહેરાત(જા.ક્ર. ૧૪૩/૨૦૧૭૧૮)માં દર્શાવ્યા મુજબ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ. ૧૮/૧૧/૨૦૧૭ ગણતરીમા લેવાની રહેશે. જયારે શૈક્ષણિક લાયકાત, નોન-ક્રીમીલેયર સર્ટી તથા **EWS** પાત્રતા પ્રમાણપત્ર અને અન્ય જરુરી લાયકાત માટે તા. ૩૦/૦૬/૨૦૧૯ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

૮. સામાજિક શૈક્ષણીક પછાત વર્ગના ઉમેદવારો માટે:-

(૧) કચેરી અધિક્ષક / કાર્યાલય અધિક્ષક / અધિક્ષક વર્ગ-૩ સંવર્ગની જગાઓમાં **S.E.B.C.**કેટેગરી (સા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારો માટે જગાઓ અનામત છે તેવા **S.E.B.C.** કેટેગરી (સા.શૈ.પ.વર્ગ)ના

ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે કઢાવેલ નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૩૦/૦૬/૨૦૧૯ દરમિયાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગાનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુક્તિ તેમજ અનામત જગા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

(૨) સા. અને શૈ. પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક- સસપ/૧૧૦૯/૧૬૬૩/અ ની જોગવાઈ મુજબ થી નિયત થયેલ નમુના પરિશિષ્ટ-૪ તથા તા. ૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૫/ ૪૫૫૨૪૬/ અ તેમજ તા. ૧૮/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૭/ ૧૨૪૩૮૨/ અ ની જોગવાઈ મુજબ, તા.૦૧/૦૪/૨૦૧૭ થી અરજી કરવાની છેલ્લી તા. ૩૦/૦૬/૨૦૧૯ દરમિયાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે.

૯. **પરીક્ષા ફી** :-

- ફોર્મ ભરતી વખતે "General" કેટેગરી Select કરી હોય (દર્શાવી હોય) તેવા (PH તથા Ex.Serviceman કેટેગરી સિવાયના) તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.
- અરજી ફોર્મમાં નીચે મુજબની કેટેગરી Select કરનાર ઉમેદવારોએ કોઇપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.
  - (ક) અનુસૂચિત જાતિ (SC)
  - (ખ) અનુસૂચિત જન જાતિ (ST)
  - (ગ) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (SEBC)
  - (ઘ) આર્થિક રીતે નબળા વર્ગો **(Economically Weaker Sections)**
  - (ચ) માજી સૈનિક (Ex.Serviceman) તમામ કેટેગરીના ઉમેદવાર.
  - (છ) શારિરીક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો (PH) તમામ કેટેગરીનાં ઉમેદવાર.
- જે ઉમેદવારોએ ફી ભરવાની છે તેવા ઉમેદવારો જયારે OJAS વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને પરીક્ષા ફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ ચલણની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પણ પ્રિન્ટ મેળવી લેવાની રહેશે, ઉમેદવારોએ ચલણ સાથે કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં જઇને, પરીક્ષા ફી પેટે રૂ. ૧૦૦/- રોકડા + રૂ.૧૨/- પોસ્ટલ ચાર્જીસ ભરી દેવાના રહેશે. ચલણની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને પોસ્ટ ઓફિસનો સિક્કો અને સ્ટીકર લગાવીને પરત આપશે.
- પોસ્ટ ઓફીસમાં પરીક્ષા ફી ભરવાની છેલ્લી તા.૦૬/૦૭/૨૦૧૯ (પોસ્ટ ઓફીસના કચેરી સમય સુધી) ની રહેશે.
- અન્ય કોઇ રીતે પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં.

- પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તેમજ તે ફી અન્ય કોઇ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં. પરીક્ષા ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.
- ''General'' કેટેગરી Select કરનાર (શારીરિક ખોડખાંપણ તથા માજી સૈનિક કેટેગરી સિવાયના) ઉમેદવારો ફી ભરવાની નિયત સમયમર્યાદામાં પરીક્ષા ફી નહીં ભરે તો તેવા ઉમેદવારોનું અરજી ફોર્મ કોઇપણ જાતની જાણ કર્યા વગર મંડળ દ્વારા ''રદ'' કરવામાં આવશે.

૧૦. જાહેરાત ક્રમાંક: ૧૪૩/૨૦૧૭૧૮ ની ઉપરના સુધારા સિવાયની અન્ય તમામ બાબતો યથાવત રહે છે.

તારીખ: ૦૧/૦૬/૨૦૧૯
સ્થળ:- ગાંધીનગર

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

બ્લોકનં.૨,પ્રથમ માળ,"કર્મયોગી ભવન",નિર્માણ ભવનની પાછળ, સેક્ટર- ૧૦-એ,ગાંધીનગર.

## જાહેરાતક્રમાંકઃ૧૪૩/૨૦૧૭૧૮ અંગેની વિગતવાર સુચનાઓ

**(વેબસાઇટ એડ્રેસ** : https://ojas.gujarat.gov.in **અને** https://gsssb.gujarat.gov.in)

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા નિયામકશ્રી, રાજય અગ્નિ નિવારણ સેવા, ગાંધીનગર; કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગની કચેરી, ગાંધીનગર ; તથા ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી હસ્તકની કચેરીઓમાં "કચેરી અધિક્ષક" વર્ગ-૩ સંવર્ગોની નીચે દર્શાવેલ સીધી ભરતીની જગ્યાઓ અન્વયે પસંદગી/ પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી **OJAS** ની વેબસાઇટ ઉપર ઓન-લાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ **https://ojas.gujarat.gov.in** વેબ-સાઈટ પર **તા. ૦૨/ ૧૧ /૨૦૧૭** (બપોરના ૧૪-૦૦ કલાક) **થી તા.૧૮ /૧૧ / ૨૦૧૭** (સમય રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી) દરમ્યાન ઓન-લાઈન અરજી કરવાની રહેશે. અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત (આગળ ફકરા નં.૭ માં દર્શાવેલ) આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતના બધા જ અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે અને અરજીપત્રમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વગતો ભરવાની ભરવાની રહેશે. જેથી અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી રદ થવાપાત્ર ઠરે નહીં. પરીક્ષા સંબંધેની તમામ સૂચનાઓ મંડળની https://gsssb.gujarat.gov.in વેબસાઇટ પર મૂકવામાં આવશે તેથી સમયાંતરે મંડળની વેબસાઇટ અચૂક જોતા રહેવું. તેમજ કેટલીક સૂચનાઓ મોબાઇલ નંબર પર SMS થી આપવામાં આવશે. આથી અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે નંબર જાળવી રાખવો જરૂરી અને આપના હિતમાં છે.

## ૧. દરેક કચેરીની સંવર્ગવાર જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| જાહેરાત ક્રમાંક | વિભાગ / ખાતાનાવડાની કચેરીનુંનામ | સંવર્ગનું નામ | કુલ | બિન અનામત | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત જનજાતિ | | કુલ જગ્યા પૈકી માજી સૈનિક | કુલ જગ્યા પૈકી શારિરીક ખો.ખા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | માજી સૈનિક કુલ | શા.ખો.ખા. કુલ |
| ૧૪૩ / ૨૦૧૭૧૮ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાર્ણ વિભાગ : નિયામકશ્રી, રાજય અગ્નિ નિવારણ સેવા, ગાંધીનગર | કચેરી અધિક્ષક | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ઉદ્યોગ અને ખાણ વિભાગ : કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોધ્યોગ, ગાંધીનગર | કાર્યાલય અધિક્ષક | ૧૦ | ૦૫ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ઉદ્યોગ અને ખાણ વિભાગ : ઉધ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર | અધિક્ષક | ૦૬ | ૦૪ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ જગ્યાઓઃ- | | | ૧૭ | ૧૦ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |

**નોંધ**:- (૧) ઉપરોકત જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધઘટ થવાની શક્યતા છે.

(૨) અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.

(3) સામાન્ય વહિવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક-સીઆરઆર/ ૧૦૯૬/ ૨૨/ ૧૩/ ગ.૨(ભાગ-૧) ની જોગવાઇઓ ધ્યાને લઇને, જે તે કેટગરીમાં મહિલાઓ માટેની અનામત જગાઓ રાખવામાં આવેલ છે. જે તે કેટેગરીમાં મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો, તે જગ્યા જે તે કેટેગરીના / સંબંધિત કેટેગરી (જનરલ, એસ. સી., એસ.ટી., એસ.ઇ.બી.સી.) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

(૪) વિકલાંગ તથા માજીસૈનિકો માટેની અનામત જગ્યાઓ જે તે કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે. જો તેવી જગ્યાઓ માટે લાયક ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના સામાન્ય ઉમેદવારોથી ભરવામાં આવશે.

(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફકત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી ઉમેદવારોએ મેળવેલ માર્કસના મેરીટસને ધ્યાને લઇ કરવામાં આવે છે તેથી આવી જગ્યાઓ માટે પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ-૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે. પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મેરીટસમાં આવતી મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

## ૨. **પગારધોરણ**:-

નાણા વિભાગના તા.૨૦-૧૦-૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃ- ખરચ - ૨૦૦૨ - ૫૭- (પાર્ટ-૨)-ઝ.૧ તેમજ તા.૧૮-૦૧-૨૦૧૭ ના ઠરાવ ક્રમાંકઃ- ખરચ - ૨૦૦૨- ૫૭- (પાર્ટ-૨) -ઝ.૧થી નકકી થયા મુજબ

પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે મુજબના નિયત ફિકસ પગારથી નિમણૂંક અપાશે તેમજ ઉકત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. અને સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૧૦-૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:- સીઆરઆર- ૧૧- ૨૦૧૫- ૩૧૨૯૧૧- ગ.૫ અને નાણા વિભાગના તા.૨૮-૦૩-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:- ખરચ/ ૨૦૦૨/ ૫૭/ (પાર્ટ-૩)/ ઝ-૧માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગારધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ SLP No. 14124/2012 અને SLP No. 14125/2012 ના ચુકાદાને આધીન રહેશે.

| જાહેરાત ક્રમાંક | વિભાગનુંનામ | ખાતાના વડાની કચેરીનું નામ | સંવર્ગનુંનામ | પગાર ધોરણ | પ્રથમ પાંચ વર્ષ સુધી મળનાર ફિકસ પગાર |
|---|---|---|---|---|---|
| ૧૪૩ / ૨૦૧૭૧૮ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાર્ણ વિભાગ | નિયામકશ્રી, રાજય અગ્નિ નિવારણ સેવા, ગાંધીનગર | કચેરી અધિક્ષક | પે બેન્ડ રૂા.૯૩૦૦-૩૪,૮૦૦/-, ગ્રેડ પે રૂા.૪૪૦૦/- | રૂા.૩૮,૦૯૦/- |
| | ઉદ્યોગ અને ખાણ વિભાગ : | કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોધ્યોગ, ગાંધીનગર | કાર્યાલય અધિક્ષક | પે બેન્ડ રૂા.૯૩૦૦-૩૪,૮૦૦/-, ગ્રેડ પે રૂા.૪૪૦૦/- | રૂા.૩૮,૦૯૦/- |
| | ઉદ્યોગ અને ખાણ વિભાગ : | ઉધ્યોગ કમિશ્નરશ્રી કચેરી, ગાંધીનગર | કચેરી અધિક્ષક | પે બેન્ડ રૂા.૯૩૦૦-૩૪,૮૦૦/-, ગ્રેડ પે રૂા.૪૪૦૦/- | રૂા.૩૮,૦૯૦/- |

૩. **રાષ્ટ્રીયતા:-** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઇએ.

## ૪. વયમર્યાદા: -

**ઉકત જાહેરાત ક્રમાંકની સંવર્ગવાર મહત્તમ વય- મર્યાદા નીચે મુજબ રહેશે.**

| જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ – ખાતાના વડાની કચેરીનું નામ . | તા.૧૮-૧૧-૨૦૧૭ રોજ મહત્તમ વય-મર્યાદા. |
|---|---|---|
| ૧૪૩ / ૨૦૧૭૧૮ | કચેરી અધિક્ષક, રાજય અગ્નિ નિવારણ સેવા, ગાંધીનગર | ૩૫ વર્ષ |
| | કાર્યાલય અધિક્ષક, કુટીર અને ગ્રામોધ્યોગ, ગાંધીનગર | ૩૫ વર્ષ |
| | કચેરી અધિક્ષક, ઉધ્યોગ કમિશ્નરશ્રી કચેરી, ગાંધીનગર | ૩૫ વર્ષ |

## ૪.૧ વય-મર્યાદામાં છુટછાટ:-

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, શારિરીક વિકલાંગ ઉમેદવારો અને સરકારી સેવામાં અગાઉથી ફરજ બજાવાતા હોય તેવા કર્મચારી ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

*(ખાસ નોંધ : જાહેરાતમાં જે તે ખાતા વડાની કચેરીઓમાં જે કેટેગરીની જગ્યાઓ દર્શાવવામાં આવેલ છે, તે જગ્યાઓ ઉપર ઉમેદવારી નોંધાવનાર જે તે કેટેગરીના ઉમેદવારોને જ માત્ર ને માત્ર ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળવાપાત્ર થશે. અન્યથા જે કેટેગરીની જગ્યાઓ જાહેરાતમાં દર્શાવવામાં આવેલ નથી, તેવી કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં કોઇ જ લાભ મળવાપાત્ર થશે નહીં.)*

(૧) ઉપર દર્શાવેલ તમામ સંવર્ગોમાં ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે. તે મુજબની જોગવાઇ થયેલ છે આ જોગવાઇનો લાભ જે કર્મચારી સરકારી સેવામાં નિયમિત નિમણૂંક પામેલ હોય તેવા કર્મચારી ઉમેદવારને જ મળવાપાત્ર રહેશે

(૨) માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થળની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનુ સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે.

(3) જે તે સંવર્ગની જગ્યાઓ માટે સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારોને મહિલા તરીકેના પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૪) જે સંવર્ગની જગ્યાઓ પૈકી જે તે અનામત વર્ગના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત દર્શાવેલ છે તેવા વર્ગના પુરૂષ ઉમેદવારોને પાંચ વર્ષની છૂટછાટ અને મહિલા ઉમેદવારોને અનામત વર્ગ તરીકેના પાંચ અને મહિલા તરીકેના પાંચ વર્ષ મળી કુલ-૧૦ (દશ) વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે. પરંતુ જે સંવર્ગની જગ્યાઓમાં જે તે અનામત વર્ગ માટે અનામત જગ્યા દર્શાવેલ નથી તેવા વર્ગના પુરૂષ ઉમેદવારોને કોઇ છૂટછાટ મળશે નહીં પરંતુ મહિલા ઉમેદવારોને મહિલા તરીકેના પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૫) જે સંવર્ગોની જગ્યા માત્ર બિન આનમત- સામાન્ય વર્ગ માટેની છે તેવી જગ્યાઓ માટે અનામત વર્ગના ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવી શકશે/ અરજીપત્રક ભરી શકશે. (અરજીપત્રકમાં તેઓએ પરીક્ષા ફી માંથી મુક્તિ માટે જે તે કેટેગરી જ દર્શાવવાની રહેશે. ) પરંતુ તેઓને વયમર્યાદામાં કોઇ છૂટછાટ મળશે નહીં. માત્ર મહિલા ઉમેદવારોને મહિલા તરીકેના પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૬) સામાન્ય વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને ૧૦ વર્ષ ની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૭) સામાન્ય વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારો ૧૫વર્ષ છૂટછાટ મળવાપાત્ર થશે.

(૮) અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને જે તે સંવર્ગમાં જે તે અનામત વર્ગ માટે જગ્યાઓ અનામત હશે તેવી કિટેગરીના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને ૧૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

જ્યારે જે તે સંવર્ગમાં અનામત વર્ગ માટે જગ્યાઓ અનામત ન હોય તેવા સંવર્ગમાં જે તે અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને ૧૦ વર્ષની જ છુટછાટ મળવાપાત્ર થશે.

(૯) અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને જે તે સંવર્ગમાં જે તે અનામત વર્ગ માટે જગ્યાઓ અનામત હશે તેવી કિટેગરીના વિકલાંગ મહિલા ઉમેદવારોને ૨૦ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે. જ્યારે જે તે સંવર્ગમાં અનામત વર્ગ માટે જગ્યાઓ અનામત ન હોય તેવા સંવર્ગમાં જે તે અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને ૧૫ વર્ષની જ છુટછાટ મળવાપાત્ર થશે.

(૧૦) જે સંવર્ગની જગ્યાઓમાં **S.E.B.C.** કેટેગરી (શા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે તેવા **S.E.B.C.** કેટેગરી (શા.શૈ.પ. વર્ગ) ના ઉમેદવારોએ નોન-ક્રિમીલેયર સર્ટિફિકેટ માટે નિયત થયેલ આવકના આધારે રાજય સરકારની નોકરી માટે (પરિશિષ્ઠ-૪ મુજબ ગુજરાતી નમૂનામાં) કઢાવેલ નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ તા.૦૧/૦૪/૨૦૧૬ **થી તા.૧૮/૧૧/૨૦૧૭** દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. **(અંગ્રેજીમાં મેળવેલ નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ કોઇાણ સંજોગોમાં માન્ય ગણવામાં આવશે નહીં.)** અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુક્તિ તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

**(૧૧) અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં** મેળવેલ હોવું જોઇશે.

**(૧૨)** જે તે વર્ગના માજી સૈનિક ઉમેદવારો સિવાય અન્ય તમામ વર્ગના ઉમેદવારો માટે ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર કોઈપણ સંજોગોમાં **નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઈશે નહિ.**

## ૪.૨ શારીરિક ખોડખાંપણમાં ઉમેદવારી કરતાં ઉમેદવારો માટે સુચના.

(૧) જાહેરાત ક્રમાંક ૧૪૩ /૨૦૧૭૧૮ માં દર્શાવેલ શારીરિક ખોડખાંપણ જેવી કે, અંધત્વ / ઓછી દ્રષ્ટીવાળા, શ્રવણ ની ખામીવાળા, હલનચલનની વિકલાંગતા / મગજનો લકવો (૪૦ ટકા કે તેથી વધુ અને ૧૦૦ ટકા સુધીની (Profound / Total) વિકલાંગતા ધરાવતાં ઉમેદવારોએ વિકલાંગતા ધરાવતાં હોવા અંગેનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ હશે તો જ વિકલાંગ ઉમેદવાર તરીકે માન્ય ગણાશે અને ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે.

(૨) ઓનલાઇન અરજી કરતી વખતે કોઇ પ્રમાણપત્ર જોડવાના નથી પરંતુ અરજીપત્રકમાં જરૂરી
વિગતો ભરવાની રહેશે. આ કેટેગરીમાં અરજી કરનારા ઉમેદવારો આવા પ્રમાણપત્રો

ધરાવતા

હોય તેમણે જ વિકલાંગ ઉમેદવારની કેટેગરીમાં અરજી કરવાની રહેશે.

(૩) જે વિકલાંગ ઉમેદવારો લહીયાની મદદ સિવાય પરીક્ષા આપી શકે તેમ ન હોય તેવા ઉમેદવારોએ કોઇપણ તબકકાની પરીક્ષાના સમય પહેલાં કેન્દ્ર સંચાલકને રજુઆત કરી લહીયાની મદદ માટેની જરૂરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૪) શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ના પરીપત્ર ક્રમાંકઃ પરચ- ૧૦૨૦૦૮- ૪૬૯૫૪૦- ગ-૨ થી નિયત થયેલ તથા વખતો વખતના પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ / સિવિલ સર્જન / મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

ઓનલાઇન અરજી કરતી વખતે કોઇ પ્રમાણપત્ર જોડવાના નથી પરંતુ આ કેટેગરીમાં અરજી કરનારા ઉમેદવારો આવા પ્રમાણપત્રો ધરાવતા હોય તેમણે જ વિકલાંગ ઉમેદવારની કેટેગરીમાં અરજી કરવાની રહેશે.

## ૪.3 <u>માજી સૈનિક તરીકે ઉમેદવારી કરતાં ઉમેદવારોને સુચનાઓ</u>.

1) માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થળની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય અને માજી સૈનિક તરીકેનુ સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની ઉંમરમાંથી બાદ કરતાં મળતી ઉંમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધવી જોઈશે નહીં.

2) માજી સૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈ પણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

## ૪.૪ **વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ:**

તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા તા.૧૮ /૧૧ /૨૦૧૭ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે અન્ય તમામ બાબતો માટે પણ cut off date તા.૧૮ /૧૧ /૨૦૧૭ની ગણવાની રહેશે.

## ૫. **શૈક્ષણિક લાયકાત :**

| જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ – ખાતાના વડાની કચેરીનું નામ . | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧૪૩ /૨૦૧૭૧૮ | કચેરી અધિક્ષક, રાજય અગ્નિ નિવારણ સેવા, ગાંધીનગર | **(i)** Possess a Bachelor's Degree obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institutions recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 or Possess an equivalent qualification recognised by the Government;<br>**(ii)** possess the basic knowledge of Computer application in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules , 1967;<br>**(iii)** Possess adequate Knowledge of Gujarati or Hindi or both. |
| | કાર્યાલય અધિક્ષક, કુટીર અને ગ્રામોધ્યોગ, ગાંધીનગર | Possess :<br>(i) a degree obtained from any of the University established or incorporated by Central or a State Act in india; or any other educational institution recognized as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognised by the Government;<br>(ii) basic knowledge of Computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules , 1967; and<br>(iii) adequate Knowledge of Gujarati or Hindi or both. |
| | કચેરી અધિક્ષક, ઉધ્યોગ કમિશ્નરશ્રી કચેરી, ગાંધીનગર | Possess;<br>(i) a Bachelor's degree obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in india; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act,1956 or Possess an equivalent qualification recognised by the Government<br>(ii) The basic knowledge of Computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules , 1967; and<br>(iii) adequate Knowledge of Gujarati or Hindi or both. |

**કોમ્પ્યુટરનીજાણકારીઃ–**

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબરઃ- સીઆરઆર- ૧૦- ૨૦૦૭- ૧૨૦૩૨૦-ગ.૫થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા / ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા **ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨**ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું

પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી**"રદ"**કરશે.

**૬. શૈક્ષણિક લાયકાત / વયમર્યાદા / વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ:-**

જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, અનુભવ, નોન-ક્રીમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે તા.**૧૮/૧૧/૨૦૧૭**ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

**૭. અરજી કરવાની રીત:–**

આ જાહેરાતના સંદર્ભમાં મંડળ ધ્વારા ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારોએ જાહેરાતમાં દર્શાવ્યા **તા. ૦૨/ ૧૧ /૨૦૧૭** (બપોરના ૧૪-૦૦ કલાક) **થી તા.૧૮ /૧૧ / ૨૦૧૭** (સમય રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી) દરમ્યાન **https://ojas.gujarat.gov.in** વેબસાઈટ પર ઓન-લાઈન અરજીપત્રક ભરી શકશે. ઉમેદવાર એક સંવર્ગ માટે એક જ અરજી કરી શકશે. તેમ છતાં કોઇ ઉમેદવાર એક કરતાં વધુ અરજી રજીસ્ટર્ડ કરશે તો તેવા ઉમેદવારોના કિસ્સામાં સૌથી છેલ્લે કન્ફર્મ થયેલી અરજી માન્ય ગણીને તે સિવાયની બાકીની તમામ અરજીઓ રદ થશે. આ બાબતની વિગતવાર સુચના અરજી કરવાની રીતના પેટા મુદ્દા નં. (૧૪) માં પણ આપેલ છે.

## ઉમેદવારે અરજીપત્રક ભરવા માટે:-

(૧) સૌપ્રથમ **https://ojas.gujarat.gov.in** વેબસાઈટ પર જવું. અને ત્યાર બાદ

(૨) "Apply On line" પરClick કરવું.

(૩) ઉમેદવારે જાહેરાત ક્રમાંક:- **૧૪૩/૨૦૧૭૧૮, કચેરી અધિક્ષક** સંવર્ગની જાહેરાત માટે ઉમેદવારી કરવા માંગતા હોય તે જાહેરાતના સંવર્ગના નામ પર **Click** કરવાથી સ્ક્રીન પર **More Details** અને **Apply now**ના ઓપ્શન ખુલશે. જેમાં **More Details** પર Click કરવાથી વિગતવાર જાહેરાતની વિગતો જોવા મળશે. જે ઉમેદવારોએ વાંચી જવી.

(૪) જયારે **"Apply now"** પરClick કરવાથી **Application Format** ખુલશે જેમાં સૌ પ્રથમ **"Personal Details"** ઉમેદવારે ભરવી. (અહીં લાલ કુંદડી(*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)

(૫) Personal Details ભરાયા બાદ **"Educational Details"** ભરવા માટે "Educational Qualifications" પર Click કરવું. તેમજ જે સંવર્ગમાં વધારાની શૈક્ષણિક લાયકાત માંગેલ હોય તે સંવર્ગમાં "Additional Educational Qualifications" પર Click કરવું અને તેની વિગતો ફરજીયાત દર્શાવવાની રહેશે.

**(૬) જો વધુ લાયકાત દર્શાવવા માંગતા હો તો "Add more education" પર Click કરવું.**

**(૭)** જે સંવર્ગમાં અનુભવ માંગેલ હોય તે સંવર્ગમાં અનુભવની વિગતો દર્શાવવા માટે "ExperienceType" પર Click કરવાથી અનુભવની વિગતો દર્શાવવા માટેનું ફિલ્ડ ખુલશે જેમાંથી અનુભવની વિગતો સિલેકટ કરીને તેની સામે જરૂરી વિગતો દર્શાવવાની રહેશે.

**(૮)** તેની નીચે "Self declaration" પર Click કરવું. ત્યારબાદ

**(૯)** ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર Click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.

**(૧૦)** હવે "save" પર Click કરવાથી ઉમેદવારનો "Application Nnmber" generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

**(૧૧)** હવે Upload Photograph પર Click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર Click કરવું. અહીં photo અને signature upload કરવાના છે. (Photo નું માપ ૫સે.મી. ઉંચાઈ અને ૩.૬સે.મી. પહોળાઈ અને Signatureનું માપ ૨.૫ સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg format માં(15 kb) સાઈઝથી વધે નહિ તે રીતે સ્કેન કરી computerમાં સેવ કરેલા હોવા જોઈશે.) photo અને signature અપલોડ કરવા માટે "browse" button પર Click કરો. હવે choose fileના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg formatમાં તમારો photo store થયેલછે, તે ફાઈલને select કરો અને "open" buttonને Click કરો. હવે "browse" buttonની બાજુમાં "upload" button પર Click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે. જે photo અને signature અપલોડ કરવામાં આવ્યા હશે તે જ photo લેખિત પરીક્ષાના હાજરીપત્રકમાં ચોંટાડવાનો રહેશે તથા તેવી જ signature કરવાની રહેશે તેમજ આ ભરતી પ્રક્રિયાના નિમણૂંક સુધીના દરેક તબક્કે મંડળ / સંબંધિત ખાતાના વડા માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે. આથી ફોટોગ્રાફની ચારથી પાંચ કોપીઓ કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા જુદા ફોટોગ્રાફ રજુ થશે તો ફાળવણી / નિમણૂંકમાં બાધ આવી શકશે. જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

**(૧૨)** હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પરClick કરો અને "Application number" તથા Birth Date type કર્યા બાદ Ok પર Click કરવાથી ત્રણ વિકલ્પ (ઓપ્શન) (૧) Ok (૨) show application preview અને (૩) confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર Click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાની જરૂર જણાય તો edit કરી લેવું. અરજી કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઈપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ confirm application પર Click કરવું. તેથી ઉમેદવારની અરજીનો મંડળમાં online સ્વીકાર થઈ જશે. એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા

બાદ, તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઇ શકશે નહીં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ / પિતાનું નામ, અટક, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટસ, શા.ખો.ખાં., વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી કરી લઇને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ મંડળ દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે. confirm application પર click કરતાં અહીં **"confirmation number"** generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.

(૧૩) હવે **print application** પર Click કરવું. અહીં **Select Job**માંથી જાહેરાત ક્રમાંક સિલેકટ કરીને તમારો **confirmation number** ટાઈપ કરવો અને જન્મતારીખ ટાઇપ કરવાથી તમારી અરજી ઓપન થશે. જેની પ્રિન્ટની નકલ કાઢી સાચવી રાખવી

(૧૪) **દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગવશાત, જો કોઇ ઉમેદવાર એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજીને માન્ય રાખીને અન્ય અરજીપત્રકને રદ ગણવામાં આવશે. બિન અનામત વર્ગના ઉમેદવારોએ છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ હશે તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની બાકીની અરજીઓ પૈકી નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.**

**નોંધ** : જાહેરાત ક્રમાંકઃ ૧૪૩/૨૦૧૭૧૮, કચેરી અધિક્ષક સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ ઓનલાઈન અરજી ભરવા સંબંધિત કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે હેલ્પ લાઇન ટોલ ફ્રી નંબર- ૧૮૦૦ ૨૩૩૫૫૦૦ તેમજ મંડળની કચેરીના ફોન નંબર:-**૦૭૯- ૨૩૨ ૫૭૩૦૪** પર સંપર્ક કરી શકાશે.

## ૮. પરીક્ષા ફી:–

- ફોર્મ ભરતી વખતે " General " કેટેગરી Select કરી હોય (દર્શાવી હોય) તેવા (PH તથા Ex.Servicemen કેટેગરી સિવાયના) તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.

- અનામત વર્ગના ઉમેદવારો જો અનામત વર્ગની જગ્યા ન હોય અને બિન-અનામત વર્ગ માટેની જગ્યા માટે અરજી કરે તો પણ તેમણે પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં. પરંતુ પરીક્ષા ફી માંથી મુક્તિ માટે જે તે અનામત વર્ગના ઉમેદવારોએ ઓન-લાઇન એપ્લીકેશનમાં પોતાની કેટેગરી દર્શાવવાની રહેશે. અન્યથા પરીક્ષા ફી ભરવાની રહેશે. અરજી ફોર્મમાં નીચે મુજબની કેટેગરી **Select** કરનાર ઉમેદવારોએ કોઇપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.
    - (ક) અનુસૂચિત જાતિ (SC)
    - (ખ) અનુસૂચિત જન જાતિ (ST)
    - (ગ) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)
    - (ઘ) માજી સૈનિક (Ex.Serviceman) તમામ કેટેગરીના
    - (ચ) શારિરીક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો (PH) તમામ કેટેગરીનાં
- જે ઉમેદવારોએ ફી ભરવાની છે તેવા ઉમેદવારો જયારે **OJAS** વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને પરીક્ષા ફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ ચલનની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પણ પ્રિન્ટ મેળવી લેવાની રહેશે, ઉમેદવારોએ ચલન સાથે કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં જઇને, **પરીક્ષા ફી પેટે રૂ.૧૦૦/- રોકડા + રૂ.૧૨/- પોસ્ટલ ચાર્જીસ** ભરી દેવાના રહેશે. ચલનની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને પોસ્ટ ઓફિસનો સિક્કો અને સ્ટીકર લગાવીને પરત આપશે.
- પોસ્ટ ઓફીસમાં પરીક્ષા ફી ભરવાની છેલ્લી તા.૨૨/**૧૧/૨૦૧૭** (૧૮-૦૦ કલાક સુધી) ની રહેશે.
- અન્ય કોઇ રીતે પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં.
- પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તેમજ તે ફી અન્ય કોઇ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં. પરીક્ષા ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.
- "General" કેટેગરી Select કરનાર (શારીરિક ખોડખાંપણ તથા માજી સૈનિક કેટેગરી સિવાયના) ઉમેદવારો ફી ભરવાની નિયત સમયમર્યાદામાં પરીક્ષા ફી નહીં ભરે તો તેવા ઉમેદવારોનું અરજી ફોર્મ કોઇપણ જાતની જાણ કર્યા વગર મંડળ દ્વારા "**રદ**" કરવામાં આવશે.

## ૯. પરીક્ષાપદ્ધતિ:–

મંડળ દ્વારા નિયત સમયમર્યાદામાં ઓન-લાઇન મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી (એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ ? અને પરીક્ષા ફી ભરેલ છે કે કેમ ?) કરીને લાયક ઉમેદવારોની રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. /૦૮/૨૦૧૫ પત્ર ક્રમાંકઃ

ભરત/૧૦૨૦૧૫/૬૫૫/ક અને તા. ૨૯/૦૯/૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ ભરત/૧૦૨૦૧૪/૬૩૮૯૩૭/ક તેમજ તા- ૧૭/૦૫/૨૦૧૬ તથા તા.૨૧-૧૦-૨૦૧૬ના પત્ર ક્રમાંક-ભરત/૧૦૨૦૧૪/ ૬૩૮૯૩૭/ ક.થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિ અનુસાર (૧) પ્રથમ તબક્કામાં O.M.R. – M.C.Q. પધ્ધતિની **સ્પર્ધાત્મક લેખિત કસોટી** અને (૨) બીજા તબક્કામાં **કોમ્પ્યુટર પ્રોફીશિયન્સીની ઓનલાઇન પરીક્ષા** - એમ બે કસોટીઓ લેવામાં આવશે. જેની વિગતો નીચે મુજબની રહેશે.

(૧) O.M.R. – M.C.Q. પધ્ધતિની **સ્પર્ધાત્મક લેખિત કસોટી (પ્રથમ તબક્કાની પરીક્ષા-ભાગ-૧) :**

**જાહેરાત ક્રમાંક: ૧૪૩/૨૦૧૭૧૮નો અભ્યાસક્રમ – ગુણભાર નીચે મુજબ છે.**

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન : ગુજરાતનો ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિગેરે | ૬૦ | ૧૨૦ મિનિટ |
| ૨ | ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ | ૪૦ | |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૨૦ | |
| ૪ | ગાણિતક કસોટીઓ અને ટેસ્ટ ઓફ રીઝનીંગ | ૩૦ | |
| | કુલ ગુણ | **૧૫૦** | |

**નોંધઃ (૧) (i)** પરીક્ષા Multiple Choice Question (MCQ ) અને Optical Mark Reader(OMR) પધ્ધતિની રહેશે. **(ii)** દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે. **(iii)** ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. (iv) ખોટા વિકલ્પવાળા, એકથી વધુ વિકલ્પો દર્શાવેલ, છેકછાકવાળા વિકલ્પદીઠ તથા ખાલી છોડી દીધેલ જવાબદીઠ મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કીંગ લાગુ પડશે. **(v)** દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ **"E"** "Not attempted" રહેશે, ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "Not attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં. **(vi)** પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઇ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

(૨) પ્રશ્નપત્રમાં અભ્યાસક્રમનું ધોરણ અને વિષયવસ્તુ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ધોરણ-૧૨ની કક્ષાના સામાન્ય જ્ઞાન અને લઘુત્તમ શૈક્ષણિક લાયકાતના વિષયોને અનુરૂપ પ્રશ્નોવાળું પ્રશ્નપત્ર **(MCQ – OMR) રહેશે.**

**(૩) જે તે સંવર્ગની જાહેરાત અન્વયે ઉમેદવારો તરફથી ઓન-લાઇન રજીસ્ટર્ડ (કન્ફર્મ) થયેલ અરજીપત્રકોની સંખ્યાને ધ્યાને લઇ મંડળ ધ્વારા તે સંવર્ગની MCQ - OMR પધ્ધતિથી**

**સ્પર્ધાત્મક લેખિત કસોટી લેવી કે MCQ - OMR પધ્ધતિથી ઓન-લાઇન સ્પર્ધાત્મક લેખિત કસોટી લેવી તે નકકી કરવામાં આવશે.**

(૪) પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા ભાગ-૧ને અંતે બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ ભાગ-૨ માટે ઉમેદવારોને કવોલીફાય થયેલ ગણવા માટેના લઘુત્તમ લાયકી ગુણનું ધોરણ સરકારશ્રીની સ્થાયી સૂચનાઓ અનુસાર ધ્યાને લઇ મંડળ દ્વારા નિયત કરવામાં આવેલ છે. જે અનુસાર દરેક કેટેગરીના ઉમેદવારો માટે (અનામત, P.H. અને Ex-Serviceman સહિત) ૪૦ % લઘુત્તમ લાયકી ગુણનું ધોરણ રહેશે. અને આમ, મંડળ દ્વારા નિયત કરવામાં આવેલ લઘુત્તમ લાયકી ગુણની વિગતો અને ભરવાની થતી કેટેગરી વાઇઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઇ કેટેગરી વાઇઝ ભરવાની થતી જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોને બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ ભાગ-૨ માટે મંડળ દ્વારા લાયક (કવોલીફાય કરવા) ગણવામાં આવશે. અને તેવી રીતે લાયક ઠરેલ (કવોલીફાય થયેલ) ઉમેદવારોને જ બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ ભાગ-૨ આપવાની રહેશે.

**(૨) કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ- (બીજા તબક્કાની પરીક્ષા) ભાગ-૨ :**

પ્રથમ તબક્કાની સ્પર્ધાતમક લેખિત પરીક્ષાના પરિણામને અંતે બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટે કવોલીફાય થયેલ ઉમેદવારોની કોમ્પ્યુટર પ્રફિસીયન્સી ટેસ્ટ લેવામાં આવશે. જેનો અભ્યાસક્રમ નીચે છે.

| | | **સમય - ૧-૧૫ કલાક** |
|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક | વિષયનું વિવરણ | ગુણ |
| ૧ | એકસેલ સ્પ્રેડશીટ | ૧૫ ગુણ |
| ૨ | ઈ-મેઇલ કરવા (વીથ ફાઇલ એટેચમેન્ટ) | ૧૫ ગુણ |
| ૩ | પાવર પોઇન્ટ | ૧૫ગુણ |
| ૪ | વર્ડ ટાઇપીંગ/ વર્ડ ફોર્મેટીંગ (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦ ગુણ |
| | **કુલ** | **૭૫ ગુણ** |

**નોંધ :** ઉમેદવારોએ ઉકત પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા ભાગ-૧ અને અને બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ ભાગ-૨, એમ બંને કસોટીમાં મેળવેલ ગુણના મેરીટસ આધારે કેટેગરીવાઇઝ ભરવાની થતી જગ્યાની વિગતો ધ્યાને લઇ પસંદગી / પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

**૧૦. સામાન્ય શરતો :**

(૧) જાહેરાતમાં જે કેટેગરીના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે તેવી કેટેગરીના ઉમેદવારને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષથી વધે નહીં તે રીતે જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

(૨) અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળશે નહિ. પરંતુ પરીક્ષા ફીમાંથી મુક્તિ માટે જે તે અનામત વર્ગના ઉમેદવારોએ પોતાની જાતિ- વર્ગ દર્શાવવાનો રહેશે. અન્યથા પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૩) બિન અનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને પણ બધી જ મળવા પાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

**(૪) (૧)** અનામત વર્ગના ઉમેદવારોએ **જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં** મેળવેલ હોવું જોઇશે. **(૨)** સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાકઃ સશપ/૧૧૦૯/૧૬૬૩/અ થી નિયત થયેલ **પરિશિષ્ઠ-૪ (ગુજરાતી)** ના નમુનામાં **તા. ૦૧/૦૪/૨૦૧૬થી અરજી કરવાની છેલ્લી તા. ૧૮/૧૧/૨૦૧૭** દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાંરહેશે. **(અંગ્રેજીમાં મેળવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં.)** સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી **રદ** થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ પરિશિષ્ટ-૪ (જૂનો પરિશષ્ટ-ક)ના નિયત નમુનામાં (ગુજરાતી) નોન ક્રિમિલીયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે. **(૩)** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવુ નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા- પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની અરજી રદ કરવામાં આવશે. **(૪)** જો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે આવું પ્રમાણપત્ર મંડળ ધ્વારા અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ નહિ હોય તો તેમજ તેઓ બિનઅનામત ઉમેદવાર તરીકેની વય મર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની અરજી

વિચારણામાં લેવામાં આવશે નહિ. **(૫)** પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તેમજ તે ફી અન્ય કોઇ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં. તથા અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ. **(૬)** બિન અનામત વર્ગના ઉમેદવારોએ નિયત પરીક્ષા ફી ભરેલ નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહીં. **(૭)** સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને દરેક પરીક્ષામાં એટલે કે બન્ને તબક્કાની પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ તે સમયે અને ત્યારબાદપુનઃલગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત મંડળની કચેરી માંગે ત્યારે તેના તમામ પુરાવાઓ અસલમાં મંડળની કચેરીમાં રજુ કરવાના રહેશે. **(૮)** આગળની ભરતી પ્રક્રિયા સંદર્ભે મંડળ દ્વારા આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે મંડળની વેબસાઈટ અવાર નવાર જોતા રહેવું. **(૯)** એથલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિકસ, જુડો, રાઈફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકુદમાં **(1) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (2) આંતર યુનિવર્સિટી અથવા (3) અખિલ ભારત શાળા સંઘ ધ્વારા યોજાતી સ્પર્ધાઓમાં** પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને માત્ર પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણ ના૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ઉમેદવારોએ ભાગ લીધેલ હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. **ઉકત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં.** ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ ઉમેદવારોએ સરકારે તા.૨૫/૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૦૭૭/ ૨૬૬૦/ગ.૨ તથા તા. ૧/૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૧૮૮/ ૩૬૪૪/ ગ.૨માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. (નિયત નમૂના મંડળની વેબ સાઇટ પર મુકવામાં આવેલ છે.) આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે. **(૧૦)** સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૨/૦૫/૧૯૯૭ ના

ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેઓને પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત કસોટી તેમજ બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ- એમ બંને પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલા ન હોવા જોઇએ. અને તે અંગે મંડળ માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજુ કરવાના રહેશે. (૧૧) મંડળ તરફથી આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે મંડળની વેબસાઈટ અવારનવાર જોતા રહેવું.

**૧૧. સામાન્ય સુચનાઓ** :

(૧). શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ (કેટેગરી-SC,ST,SEBC), માજી સૈનિક, સ્પોર્ટસ, શારીરિક ખોડખાંપણ, અને અન્ય બાબતનોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઇન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ મંડળ માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્સ નકલો સહીત) રજુ કરવાના રહેશે. એવા પુરાવા રજુ નહીં કરી શકનાર ઉમેદવારનું અરજીપત્રક જે - તે તબકકેથી ‘‘રદ’’ ગણવામાં આવશે.

(૨). ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરેછે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત - સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.)

(3). ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં મંડળ તરફથી આ પરીક્ષાને સબંધિત પરીક્ષાલક્ષી સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવશે તેથી દર્શાવેલ મોબાઈલ નંબર બદલવો નહી.

(૪) ફીકસ પગારથી લાયક ઉમેદવારને ૫ (પાંચ) વર્ષનાં અજમાયશી ધોરણે જગ્યા ઉપર નિમણૂંક સત્તાધિકારી ધ્વારા નિમણૂંક આપ્યેથી આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો-૨૦૦૬ તથા પૂર્વ સેવા તાલીમ અને

તાલીમાન્ત પરીક્ષાનાં નિયમો મુજબ નિયત પરીક્ષાઓ આ સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.

(૫) આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવાને પાત્ર ઠરશે.

(૬) ઉમેદવાર પોતે મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહિ. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો -૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક 'રદ' કરીને પડતો મૂકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૭) આ ભરતી પ્રક્રિયા ઉકત જણાવેલ જગ્યાઓ તેની સામે જણાવેલ ખાતાના વડાની વર્ગ-૩ સંવર્ગની જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો - ભરતી પરીક્ષા નિયમોને આધિન રહેશે.

(૮) આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહી.

(૯) બોર્ડ (મંડળ) ની વેબસાઇટ https://gsssb.gujarat.gov.in નિયમિતપણે જોતા રહેવા ઉમેદવારોને ખાસ ભલામણ છે.

(૧૦) આ જાહેરાત અન્વયે સંભવત ભાગ-૧ ની લેખિત પરીક્ષા નું આયોજન સને ૨૦૧૮ના જાન્યુઆરી/ ફેબ્રુઆરી માસ દરમિયાન કરવામાં આવશે, તે ધ્યાને લઇ ઉમેદવારોએ પરીક્ષાલક્ષી તૈયારી કરવી. આમ છતાં પરીક્ષાના આયોજનની તારીખ બાબતે જરૂર જણાયે મંડળ ફેરફાર કરી શકશે.

(૧૧) આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જે તે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.

૧૨. **મંડળ જે કોઈ ઉમેદવારને ;**

1. તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે,
2. બીજાનું નામ ધારણ કરવા માટે,
3. બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે,

4. બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે,
5. યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,
6. પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે,
7. પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે,
8. લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે,
9. OMR ઉત્તરપત્રમાં પોતાની ઓળખસૂચક કોઇપણ પ્રકારની નીશાની, લખાણ, આલ્ફાબેટ, ચિહ્ન કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસ કરવા માટે,
10. પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે,
11. પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે,
12. પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે, અથવા
13. પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષતિ ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત - (ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી, અથવા (૨) રાજય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિદિષ્ટ મુદત માટે ગેરલાયક / બાકાત કરી શકશે.
14. ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ ધ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

**૧૩. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે. જે સંપૂર્ણ નથી)**

(૧) ઓનલાઇન મુસદા મુજબ અરજી કરેલ ન હોય

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય

(૩) અરજીમાં ઉમેદવારે સહી કે પાસપોર્ટસાઇઝનો ફોટો અપલોડ કરેલ ન હોય

(૪) અરજી ફેકસ થી, ઇ-મેલ થી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય

(૫) બિનઅનામત વર્ગના ઉમેદવારે પૂરેપૂરી ફી ન ભરેલ હોય

(૬) અનુસૂચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ, શારીરિક ખોંડખાંપણ ધરાવતા ઉમેદવાર તેમજ માજી સૈનિક તેઓની કેટેગરી અંગેનુ; પ્રમાણપત્ર ધરાવતા ન હોય

(૭) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનુ; નોન-ક્રિમિલીયર પ્રમાણપત્ર ધરાવતા ન હોય.

૧૪. આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળનો સંપૂર્ણ હકક/ અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

**તારીખ : ૦૨ /૧૧ /૨૦૧૭**
**સ્થળ : ગાંધીનગર**

**સચિવ,**
**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,**
**ગાંધીનગર.**